


IPL 2026 | ક્વોલિફાયર મેચ | GT Vs RCB | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: ધર્મશાલા

# RCB - ગુજરાત વચ્ચે આજે ફાઈનલ પ્રવેશનો જંગ

**ધર્મશાલાના** સુંદર અને ઝડપી ટ્રેક પર બેંગ્લુરુની વિસ્ફોટક બેટિંગ સામે ટકરાશે ગુજરાતનું ઘાતક બોલિંગ મશીન

**ક્વોલિફાયર**-વનનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી



ધર્મશાલા, તા. 25 (પીટીઆઈ): આઈપીએલ 2026 (IPL-2026)ની પ્રથમ ક્વોલિફાયર મેચમાં મંગળવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ (RCB) અને ગુજરાત ટાઈટન્સ (GT) વચ્ચે ધર્મશાલાના મેદાન પર જબરદસ્ત જંગ ખેલાશે. આ મેચ જીતનારી ટીમ સીધી 31 મેના રોજ અમદાવાદમાં રમાનારી ફાઈનલમાં પ્રવેશ કરશે. લીગ સ્ટેજમાં બંને ટીમો 14 મેચોમાં 18 પોઈન્ટ સાથે બરાબરી પર હતી, પરંતુ શ્રેષ્ઠ રન રેટના કારણે RCB પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહ્યું હતું.

આ સીઝનમાં બંને ટીમોએ પ્લેઓફ સુધી પહોંચવા માટે તદ્દન વિરોધાભાસી વ્યૂહરચના અપનાવી છે. રજત પાટીદારની આગેવાની હેઠળની RCB એ આક્રમક બેટિંગ અને મજબૂત બોલિંગ યુનિટના જોરે પોતાની સફર આગળ વધારી છે. આ ટીમે સીઝનમાં ઘણી વખત 200થી વધુ રન બનાવ્યા છે. ટીમને વિરાટ કોહલીના બહોળા અનુભવ અને જોશ હેઝલવુડ તથા ભુવનેશ્વર કુમાર જેવા દિગ્ગજ ફાસ્ટ બોલરોનો ઘણો ફાયદો મળ્યો છે. આ ઉપરાંત, ધર્મશાલાની પિચ અને પરિસ્થિતિઓથી RCBના ખેલાડીઓ પહેલેથી જ સારી રીતે પરિચિત છે.

બીજી તરફ, ગુજરાત ટાઈટન્સની તાકાત તેમનું શાનદાર બોલિંગ આક્રમણ રહ્યું છે. મોહમ્મદ સિરાજ, કાગિસો રબાડા અને પ્રસિદ્ધ ક્રિષ્નાની ફાસ્ટ બોલિંગ ત્રિપુટી નવી બોલથી વિકેટો ઝડપવામાં માહિર છે, જ્યારે મિડલ ઓવર્સમાં રાશિદ ખાન અને સાઈ કિશોર રન ગતિ પર અંકુશ રાખે છે.

બેટિંગમાં કેપ્ટન શુભમન ગિલ, સાઈ સુદર્શન અને વિસ્ફોટક જોસ બટલર શાનદાર ફોર્મમાં છે. ગુજરાતે પોતાની છેલ્લી લીગ મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સને 89 રને હરાવીને પ્લેઓફમાં મજબૂત મનોબળ સાથે એન્ટ્રી કરી છે.

### આ ખેલાડીઓ વચ્ચે રહેશે મુખ્ય મુકાબલો

આ મેચનો અસલી રોમાંચ ખેલાડીઓ વચ્ચેની વ્યક્તિગત લડાઈમાં જોવા મળશે. વિરાટ કોહલી અને સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલર કાગિસો રબાડા વચ્ચેની ટક્કર ધર્મશાલાના બાઉન્સવાળા ટ્રેક પર જોવા જેવી રહેશે. આ ઉપરાંત, આંગળીની ઈજામાંથી મુક્ત થઈને પાછા ફરેલા ફિલ સોલ્ટની આક્રમક બેટિંગ સામે મોહમ્મદ સિરાજની બોલિંગ પાવરપ્લેની દિશા નક્કી કરશે. બીજી તરફ, ભુવનેશ્વર કુમાર અને હેઝલવુડ ફલડલાઇટ્સની નીચે શુભમન ગિલ અને સાઈ સુદર્શનની કસોટી કરશે. એકંદરે, આ મેચ RCBની ઊંડી બેટિંગ લાઇન-અપ અને ગુજરાતની મજબૂત બોલિંગ મશીન વચ્ચેનો ખરાખરીનો જંગ સાબિત થશે.

## ધર્મશાલાની પિચ પર રનનો વરસાદ થશે કે ફાસ્ટ બોલરોનો કહેર?



**બોલરોનું** સ્વર્ગ ગણાતું ધર્મશાલા હવે બન્યું હાઈ-સ્કોરિંગ ગ્રાઉન્ડ

**ફાસ્ટ** બોલરોને મળશે ધારદાર સ્વિંગ; પાવરપ્લેની પ્રથમ 6 ઓવર મેચની દિશા નક્કી કરશે

ધર્મશાલા,તા. 25 (પીટીઆઈ): ધર્મશાલાના એચપીસીએ (HPCA) સ્ટેડિયમ પર આ સીઝનમાં રમાયેલી ત્રણ IPL મેચોના આંકડા દર્શાવે છે કે આ મેદાન હવે હાઈ-સ્કોરિંગ પિચમાં ફેરવાઈ ગયું છે, જ્યાં ફાસ્ટ બોલરોની ભૂમિકા પણ એટલી જ મહત્વની રહેશે. આ બદલાયેલો મિજાજ મંગળવારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ (RCB) અને ગુજરાત ટાઈટન્સ (GT) વચ્ચેની ક્વોલિફાયર-૧ મેચનું પરિણામ નક્કી કરી શકે છે.

આ સીઝનમાં અહીં પ્રથમ ઇનિંગ્સનો સ્કોર હંમેશા 200 રનને પાર ગયો છે. સમુદ્ર સપાટીથી 1450 મીટરની ઊંચાઈ પર આવેલા આ મેદાનની ઠંડી હવામાં ફાસ્ટ બોલરોને શરૂઆતમાં પરંપરાગત સ્વિંગ અને સારો બાઉન્સ મળે છે. જોકે, ઝડપી આઉટફિલ્ડના કારણે પાવરપ્લે પછી બેટ્સમેનો અહીં મોટો સ્કોર બનાવી શકે છે. આ પરિસ્થિતિઓમાં ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવુડની આગેવાની હેઠળનું RCB નું બોલિંગ આક્રમણ વધુ સચોટ અને નિયંત્રિત હોવાથી તેમને ગુજરાત સામે થોડો ફાયદો મળી શકે છે. બીજી બાજુ, ગુજરાત પાસે ઉત્કૃષ્ટ ઝડપ છે, પરંતુ ધર્મશાલામાં સ્પિનરો માટે બહુ મદદ ન હોવાથી રાશિદ ખાનની આકરી કસોટી થશે. અહીં રમાયેલી મેચોમાં ફાસ્ટ બોલરોએ જ સૌથી વધુ વિકેટો ઝડપી છે. આ પિચ પર ઝાકળના કારણે ચેઝ કરવું સરળ બનતું હોવાથી ટોસ જીતનારી ટીમ પહેલા બોલિંગ કરવાનું પસંદ કરશે.



» રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સોમવારે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત એક સમારોહમાં ભારતીય મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર ભુલ્લરને પદ્મશ્રી પુરસ્કાર એનાયત કર્યો હતો. આ ઉપરાંત રાષ્ટ્રપતિએ તમિલ માર્શલ આર્ટ સિલામબમના ગુરુ કે પજાનિવેલ અને હોકી કોચ બલદેવ સિંહને પણ પદ્મશ્રી પુરસ્કાર એનાયત કર્યો હતો. કલા, સાહિત્ય, શિક્ષા અને રમત જેવા વિવિધ ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન બદલ પદ્મ પુરસ્કાર એનાયત કરાયા હતા.

## હાર્દિકની પોસ્ટે તે મુંબઈ ઈન્ડિયન્સ છોડીને સીએસકેમાં જોડાશે તેવી ચર્ચા જગાવી

નવી દિલ્હી, તા. 25: આઈપીએલ 2026 (IPL 2026)ની સીઝન પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ માટે ખૂબ જ નિરાશાજનક રહી છે. ટીમ 14 માંથી માત્ર 4 મેચ જીતીને પોઈન્ટ ટેબલમાં 9મા સ્થાને રહી હતી. આ સીઝનમાં મુંબઈના કેપ્ટન હાર્દિક પંડ્યાનું પ્રદર્શન પણ ખરાબ રહ્યું હતું, જ્યાં તેણે 10 મેચમાં માત્ર 206 રન બનાવ્યા અને 4 વિકેટ ઝડપી હતી. સોશિયલ મીડિયા પર હાર્દિક પંડ્યા આગામી સીઝન (IPL 2027)માં ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) માં જોડાશે તેવી અફવાઓ જોર પકડી રહી છે. આ ચર્ચા ત્યારે શરૂ થઈ જ્યારે હાર્દિકે ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શેર કરી, જેમાં તેના ફોનની લોક સ્ક્રીન પર '07:07' સમય દેખાતો હતો. ક્રિકેટ ચાહકોએ આ નંબર 7 ને તરત જ એમ.એસ. ધોની અને CSK સાથે જોડી દીધો. આ સિવાય, આ સીઝનમાં મુંબઈ અને ચેન્નઈની મેચ બાદ હાર્દિકને CSK ના સીઈઓ કાશી વિશ્વનાથન સાથે વાતચીત કરતો જોવામાં આવ્યો હતો, જેના કારણે ચાહકોમાં આ અટકળો વધુ તેજ થઈ છે. જોકે, સત્તાવાર રીતે આ અંગે કોઈ પુષ્ટિ થઈ નથી.

## ફ્રેન્ચ ઓપન: ભારતીય મૂળના નિશેષે ટેલર ફ્રિટ્ઝને હરાવી કર્યો મોટો અપસેટ

**વાઇલ્ડ** કાર્ડ એન્ટ્રી મેળવનાર 21 વર્ષના યુવા ખેલાડીએ વિશ્વમાં 9મા ક્રમના ફ્રિટ્ઝને આપી ધોબીપછાડ

**રોલેન્ડ** ગેરોસના મેદાન પર વર્ષ 2000 પછી ટોપ-10 ખેલાડીને હરાવનાર પ્રથમ અમેરિકન પુરુષ ટેનિસ ખેલાડી બન્યો નિશેષ



પેરિસ, તા. 25 (પીટીઆઈ): ભારતીય મૂળના ટેનિસ ખેલાડી નિશેષ બસાવારેડ્ડીએ ફ્રેન્ચ ઓપનના પ્રથમ રાઉન્ડમાં મોટો ઉલટફેર કરતા અમેરિકાના સાતમા ક્રમાંકિત ખેલાડી ટેલર ફ્રિટ્ઝને હરાવી દીધો છે.

વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી મેળવનાર 21 વર્ષીય નિશેષે રવિવારે રાત્રે રમાયેલી રોમાંચક મેચમાં વિશ્વના નંબર નવ ખેલાડી ફ્રિટ્ઝને 7-6(5), 7-6(5), 6-7(9), 6-1થી માત આપી હતી. બે કલાક અને 45 મિનિટ ચાલેલા આ મુકાબલામાં જીત મેળવીને તે બીજા રાઉન્ડમાં પહોંચી ગયો છે.

નિશેષના માતા-પિતા વર્ષ 1999માં આંધ્રપ્રદેશના નેલ્લોરથી અમેરિકા શિફ્ટ થયા હતા. રોલેન્ડ ગેરોસ (ફ્રેન્ચ ઓપન) ખાતે વર્ષ 2000 પછી ટોપ-10 ખેલાડીને હરાવનાર તે પ્રથમ અમેરિકન પુરૂષ ખેલાડી બન્યો છે. મેચ દરમિયાન નિશેષે શાનદાર આક્રમક રમત બતાવી હતી અને ફ્રિટ્ઝના 71 વિનર્સ (સામેવાળો ખેલાડી બોલને અડી પણ ન શકે તે પોઈન્ટ) સામે મજબૂત પ્રતિકાર કર્યો હતો તેણે પોતે પણ 51 વિનર્સ લગાવ્યા હતા. આ તેની કરિયરની પ્રથમ ટોપ-10 જીત છે, અને હવે બીજા રાઉન્ડમાં તેનો સામનો એલેક્સ મિશેલસન સામે થશે.

## કીમી એન્ટોનેલીએ કેનેડિયન ગ્રાન્ડ પ્રિ જીતી

**19 વર્ષીય** મર્સિડીઝના ડ્રાઈવરે આ સીઝનમાં સતત ચોથી જીત મેળવી



મોન્ટરીયલ, તા. 25: મેર્સિડીઝ ટીમના ૧૯ વર્ષીય ઈટાલિયન સ્ટાર કીમી એન્ટોનેલીએ રવિવારે રસાકસીભરી કેનેડિયન ગ્રાન્ડ પ્રિ (Canadian Grand Prix) જીતીને સતત ચોથી ફોર્મ્યુલા વન (F1) જીત નોંધાવી છે. એક દિવસ અગાઉ સ્પ્રિન્ટ રેસમાં પોતાના જ સાથી ડ્રાઈવર જ્યોર્જ રસેલ સાથે થયેલી ટક્કર અને વિવાદ બાદ એન્ટોનેલીએ આ ભવ્ય વાપસી કરી છે.

રેસ દરમિયાન બંને મર્સિડીઝ ડ્રાઈવરો વચ્ચે 30 લેપ્સ સુધી નેક-ટુ-નેક ફાઈટ જોવા મળી હતી, પરંતુ બાદમાં રસેલની કારનું એન્જિન ફેલ થતાં તે રેસમાંથી બહાર થઈ ગયો હતો. આ સાથે જ એન્ટોનેલીએ ચેમ્પિયનશિપમાં 43 પોઈન્ટની મજબૂત લીડ મેળવી લીધી છે. ફેરારીના લુઈસ હેમિલ્ટને શાનદાર પ્રદર્શન કરતા રેડ બુલના મેક્સ વેર્સ્ટાપેનને પાછળ છોડીને બીજું સ્થાન મેળવ્યું હતું, જે ફેરારી ટીમમાં જોડાયા પછી હેમિલ્ટનનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. જ્યારે ચાર્લ્સ લેક્લર્ક ચોથા ક્રમે રહ્યો હતો. મેકલેરેનના લેન્ડો નોરિસને ગિયરબોક્સની સમસ્યાના કારણે રેસ અધવચ્ચે છોડવી પડી હતી.

## કોહલી સાથેના વિવાદ બાદ હેડની પત્ની સોશિયલ મીડિયા પર ખરાબ રીતે ટ્રોલ

**મેદાનની** ગરમાગરમી ટ્રેવિસ હેડના પરિવાર સુધી પહોંચી



સિડની, તા. 25 (પીટીઆઈ): ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ટ્રેવિસ હેડની પત્ની જેસિકાએ આક્ષેપ કર્યો છે કે, આઈપીએલ મેચ દરમિયાન તેના પતિ અને ભારતીય સ્ટાર વિરાટ કોહલી વચ્ચે થયેલી તકરાર બાદથી તેને સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલિંગ અને અપશબ્દોનો સામનો કરવો પડી રહ્યો છે. ગયા શુક્રવારે હૈદરાબાદમાં રમાયેલી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે આરસીબીને વચ્ચેની મેચ દરમિયાન કોહલી અને હેડ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, ત્યારબાદ કોહલીએ મેચ પછી પરંપરાગત રીતે હેડ સાથે હાથ મિલાવવાની પણ ના પાડી દીધી હતી.

જેસિકાએ જણાવ્યું કે, 2023ના વર્લ્ડ કપ ફાઈનલ પછી જેવી સ્થિતિ હતી તેવું જ અત્યારે પણ તેના સોશિયલ મીડિયા પર થઈ રહ્યું છે અને ટ્રોલ્સ કરનારા હવે તેના પરિવાર તથા મિત્રોને પણ નિશાન બનાવી રહ્યા છે.

આ ઘટના અંગે ભારતના પૂર્વ ક્રિકેટર વસીમ જાફરે પોતાની યુટ્યુબ ચેનલ પર કોહલીની ટીકા કરતા કહ્યું કે, કોહલી આ રમતનો એમ્બેસેડર છે અને તે ઘણો મોટો ખેલાડી છે. મેદાનની વાત મેદાન પર જ પૂરી થવી જોઈએ અને તેને આગળ ન ખેંચવી જોઈએ.

## ફિઝિયોના મતે ઈજા વધવાની શક્યતા ન હતી: ઈજાગ્રસ્ત વરુણને રમાડવા અંગે રહાણેની સ્પષ્ટતા

**આંગળીઓની** ઈજા બાદ પગમાં હેરલાઇન ફ્રેક્ચર હોવા છતાં કેકેઆર માટે રમ્યો હતો વરુણ



કોલકાતા, તા. 25 (પીટીઆઈ): કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ના કેપ્ટન અજિંક્ય રહાણેએ જણાવ્યું છે કે, ડાબા પગના અંગૂઠામાં ફ્રેક્ચર હોવા છતાં મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તીને રમાડવાનો નિર્ણય મેડિકલ સ્ટાફની મંજૂરી બાદ જ લેવાયો હતો. ચક્રવર્તીને આ સીઝનમાં આ ત્રીજું ફ્રેક્ચર થયું હતું. અગાઉ તે ડાબા હાથની બે આંગળીઓમાં ફ્રેક્ચર હોવા છતાં રમ્યો હતો અને આ મહિને હૈદરાબાદ સામેની મેચમાં ઈશાન કિશનના સીધા શૉટથી તેના પગમાં હેરલાઈન ફ્રેક્ચર થયું હતું.

રહાણેએ સ્પષ્ટ કર્યું કે, KKRના ફિઝિયો, બીસીસીઆઈ (BCCI) અને ભારતીય ટીમના ફિઝિયો વચ્ચે યોગ્ય ચર્ચા થઈ હતી અને તેમના મતે આ ઈજા વધવાની કોઈ શક્યતા નહોતી. બીસીસીઆઈના કેન્દ્રીય કરાર ધરાવતા ખેલાડીઓની ઈજા અંગે ફ્રેન્ચાઈઝીએ બોર્ડને જાણ કરવાની હોય છે, જે પ્રોટોકોલનું અહીં પાલન થયું હતું. રહાણેએ વરુણની પ્રશંસા કરતા કહ્યું કે, અસાહ્ય દુખાવા છતાં ટીમ માટે રમવાની તેની આતુરતા તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વરુણ પોતે રમવા માટે સંપૂર્ણ તૈયાર હતો, જેનાથી ટીમમાં પણ સકારાત્મક સંદેશ ગયો હતો.

## અનુસંધાન... પાના પહેલાનું

### ટેરર ફંડિંગ...

વિસ્તારમાં આવેલી 'દારુલ ઉલૂમ સિરાઝુલ ઉલૂમ' નામની શાળામાં દરોડા પાડ્યા હતા, જેને ગયા મહિને જ ગેરકાયદેસર સંસ્થા જાહેર કરવામાં આવી હતી. આ ઉપરાંત, જિલ્લાના મોલુ ચિત્રગામ ખાતે જમાત-એ-ઈસ્લામીના પૂર્વ વડા શહઝાદા ઔરંગઝેબના નિવાસસ્થાને અને શ્રીનગરના લાલ બજાર વિસ્તારમાં આવેલી છોકરીઓની ધાર્મિક શાળા 'જમિઅત ઉલ બનાત' ખાતે પણ દરોડા પાડવામાં આવ્યા હતા. કેન્દ્રીય આતંકવાદ વિરોધી એજન્સી (NIA) ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ(UAPA) હેઠળ ગેરકાયદેસર સંગઠન જાહેર કરાયેલી જમાત-એ-ઈસ્લામીની અલગતાવાદી અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓની તપાસ કરી રહી છે. અત્યાર સુધીની તપાસમાં બહાર આવ્યું છે કે, જમાત-એ-ઈસ્લામી કાશ્મીર ખીણ અને ભારતના અન્ય ભાગોમાં આતંકવાદી ભંડોળ એકત્ર કરવામાં અને આતંકવાદને પ્રોત્સાહન આપવામાં સક્રિયપણે સામેલ હતી. NIAએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ સંગઠન ચેરિટી અને કલ્યાણકારી પ્રવૃત્તિઓ, જેમ કે સ્વાસ્થ્ય અને શિક્ષણના નામે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે દાન સ્વરૂપે ભંડોળ એકત્ર કરતું હતું. તે આ ભંડોળનો દુરુપયોગ હિંસક અને અલગતાવાદી પ્રવૃત્તિઓ માટે કરતું હતું, તેમજ કેડરોના સુવ્યવસ્થિત નેટવર્ક દ્વારા તેને હિઝબુલ મુજાહિદ્દીન (HM) જેવા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનો સુધી પહોંચાડતું હતું.

### ઇરાન મંત્રણામાં...

હસ્તાક્ષર કરે. તેમણે ઉમેર્યું હતું કે જો એક કે બે દેશો પાસે આવું ન કરવા માટેનું કોઈ કારણ હોય તો તે સ્વીકારી શકાય છે. વાટાઘાટો કરનારા દેશોમાં, યુએઈ અને બહેરીન અગાઉથી જ આ એકોર્ડ્સના સભ્યો છે, અને ટ્રમ્પ સાઉદી અરેબિયા, કતાર, પાકિસ્તાન, તુર્કી, ઈજિપ્ત અને જોર્ડન પણ આમાં જોડાય તેવી અપેક્ષા રાખે છે. અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈ એક અજ્ઞાત સ્થળેથી કામ કરી રહ્યા છે, જ્યાં બહારની દુનિયા સાથે તેમનો સંપર્ક ખૂબ જ ઓછો છે અને કુરિયર્સના એક મોટા નેટવર્ક દ્વારા જ તેમનો સંપર્ક સાધી શકાય છે. જ્યારે અમેરિકા પ્રસ્તાવિત વિગતો મોકલે છે, ત્યારે તેહરાનના અધિકારીઓને સર્વોચ્ચ નેતા સુધી પહોંચવામાં સમય લાગે છે, જેના કારણે સંભવિત પ્રતિભાવમાં વિલંબ થાય છે.

### માર્કો રુબિયોએ...

ઘણા લોકો તેને પ્રમુખ ટ્રમ્પની એ વિવાદાસ્પદ ટિપ્પણી સાથે જોડી રહ્યા છે જેમાં તેમણે ચીનની સાથે ભારતને પણ નરક સમાન ગણાવ્યું હતું અને બંને દેશોના લોકો પર અમેરિકાના જન્મજાત નાગરિકતા અધિકારનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. રુબિયો હાલમાં દ્વિપક્ષીય સંબંધોને સુધારવાના હેતુથી ભારતના ચાર દિવસીય પ્રવાસે છે. તેમણે ઉમેર્યું કે જો રાષ્ટ્રપતિ ન ઈચ્છતા હોત તો હું અહીં ન હોત અને તેમણે પોતાના નજીકના એવા સર્જિયો ગોરને ભારતના એમ્બેસેડર ન બનાવ્યા હોત. વિદેશ મંત્રીએ એમ પણ કહ્યું કે આજના સોશિયલ મીડિયાના યુગમાં ઈન્ટરનેટ પર લોકો આવી ઘણી પાગલપન જેવી વાતો કરતા હોય છે અને તેઓ અસલી લોકો છે કે નહીં તેની પણ ખબર હોતી નથી. ઉલ્લેખનીય છે કે રવિવારે પત્રકારે પ્રશ્ન પૂછ્યો હતો કે, "અમેરિકા તરફથી ભારતીયો અને ભારતીય-અમેરિકનો વિરુદ્ધ ઘણી રંગભેદી ટિપ્પણીઓ થઈ રહી છે, જે ભારત-અમેરિકાના સંબંધોના મૂળભૂત આધારની વિરુદ્ધ છે. આ અંગે તમારું શું કહેવું છે?" જ્યારે માર્કો રુબિયોએ પૂછ્યું કે તેઓ કોના સંદર્ભમાં આ વાત કરી રહ્યા છે, ત્યારે પત્રકારે જવાબ આપ્યો કે, "આપણે બધાએ તે ટિપ્પણીઓ અને તેને મળેલું સમર્થન જોયું છે." આ પ્રશ્નનો જવાબ આપતા રુબિયોએ ટિપ્પણી કરી હતી કે, "દરેક દેશમાં મૂર્ખ લોકો હોય છે."

રસપ્રદ વાત એ છે કે, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે પહેલા આ વિવાદિત પ્રશ્ન અને જવાબ 'એક્સ' પર પોસ્ટ કર્યા હતા, પરંતુ થોડા કલાકો પછી તેને હટાવી દીધા હતા.

### ગુલમર્ગમાં કેબલ...

ના રોજ પણ ગુલમર્ગ ગોંડોલામાં એક અકસ્માત સર્જાયો હતો, જેમાં ભારે પવનને કારણે એક ઝાડ ઉખડીને કેબિન પર પડતાં કેબિન જમીન પર તૂટી પડી હતી અને સાત લોકોના મોત થયા હતા. ગયા વર્ષે જાન્યુઆરીમાં પણ ટેકનિકલ ખામીના કારણે કેબલ કાર સેવા અસ્થાયી ધોરણે બંધ કરવામાં આવી હતી. સેનાએ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે આ ઘટનામાં ૬૫ કેબિન હવામાં અટવાઈ ગઈ હતી અને ચિનાર કોર્પ્સના સહયોગથી ઝડપી અને સંકલિત બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### ચોથા ભાવવધારાથી...

આ ભાવ વધારો એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવા માટે સંભવિત સમજૂતીની આશા વચ્ચે વૈશ્વિક તેલના ભાવમાં ભારે ઘટાડો થયો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે હોર્મુઝની સામુદ્રધુની ફરી ખોલવા માટે સૈદ્ધાંતિક સહમતિ બન્યા બાદ, વૈશ્વિક તેલના ભાવ માટેના પ્રાથમિક બેન્ચમાર્ક ગણાતા બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ૫ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. ફેબ્રુઆરીના અંતમાં ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલના હુમલા અને વૈશ્વિક ઓઈલ ટ્રાન્ઝિટના મુખ્ય માર્ગ એવા હોર્મુઝની સામુદ્રધૂનિમાં શિપિંગ ખોરવાવાને કારણે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં ૫૦ ટકાથી વધુનો ઉછાળો આવ્યો હતો. સરકારી માલિકીની ઓઈલ કંપનીઓએ વધેલા ખર્ચનો બોજ ગ્રાહકો પર નાખવામાં અઠવાડિયા સુધી વિલંબ કર્યો હતો, જે અંગે સરકારનું કહેવું હતું કે આ પગલું ગ્રાહકોને મોંઘવારીથી બચાવવા માટે હતું. જો કે, વિપક્ષી પક્ષોએ સરકાર પર આરોપ લગાવ્યો હતો કે મહત્વના રાજ્યોની ચૂંટણીઓ પૂરી ન થાય ત્યાં સુધી ભાવ વધારો રોકી રાખવામાં આવ્યો હતો. ૧૫ મેના રોજ થયેલો વધારો સત્તાધારી ભારતીય જનતા પક્ષ દ્વારા પશ્ચિમ બંગાળ સહિત પાંચમાંથી ત્રણ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ચૂંટણીમાં પોતાની જીત મેળવ્યા બાદ કરવામાં આવ્યો હતો.

સોમવારના વધારા બાદ મુંબઈમાં પેટ્રોલની કિંમત ૧૧૧.૨૧ પ્રતિ લીટર અને ડીઝલની કિંમત ૯૭.૮૩ થઈ ગઈ છે, જ્યારે કોલકાતામાં આ દરો અનુક્રમે ૧૧૩.૫૧ અને ૯૯.૮૨ થયા છે. ચેન્નઈમાં પેટ્રોલનો ભાવ ૧૦૭.૭૭ અને ડીઝલનો ભાવ ૯૯.૫૫ પ્રતિ લીટર પહોંચ્યો છે. સરકારી કંપનીઓની સાથે ખાનગી ઈંધણ રિટેલર્સે પણ ભાવમાં વધારો કર્યો છે. નયારા એનર્જીએ અગાઉ માર્ચમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં અનુક્રમે ૫ અને ૩ પ્રતિ લીટરનો વધારો કર્યો હતો, જ્યારે શેલ પીએલસીએ ૧ એપ્રિલથી પેટ્રોલના ભાવમાં ૭.૪૧ અને ડીઝલમાં ૨૫ સુધીનો વધારો કર્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને બીપી પીએલસી વચ્ચેનું સંયુક્ત સાહસ જિયો-બીપી પણ સરકારી કંપનીઓની લાઈન પર જ પંપના ભાવમાં ફેરફાર કર્યો છે.

### નીટ ફેર પરીક્ષા...

જણાવ્યું હતું કે, હાલની હીટવેવની સ્થિતિને ધ્યાનમાં રાખીને, હું આપને વિનંતી કરું છું કે આપના રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં પરીક્ષાનું આયોજન કરતી તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ અને અન્ય સંસ્થાઓ તેમજ જિલ્લા સત્તાવાળાઓને ઉમેદવારોની સુવિધા માટે આવશ્યક પાયાની સુવિધાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા યોગ્ય સૂચનાઓ જારી કરો. મંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે આ સુવિધાઓમાં પીવાનું શુદ્ધ પાણી, બેસવાની પૂરતી વ્યવસ્થા, ચાલુ પંખા અને કુલર, સ્વચ્છ વોશરૂમ, છાંયડાવાળા વેઈટિંગ એરિયા, અવિરત વીજ પુરવઠો અને જ્યાં જરૂર હોય ત્યાં પોર્ટેબલ શૌચાલયનો સમાવેશ થઈ શકે છે.

વિદ્યાર્થીઓની સુખાકારી સર્વોપરી હોવા પર ભાર મૂકતા પ્રધાને રાજ્ય સરકારોને પરીક્ષાના દિવસે ઉમેદવારો માટે પરિવહનની પૂરતી સુવિધાઓ સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે NEET-UG ૨૦૨૬ ની ફેર પરીક્ષા સરળ, પારદર્શક અને નિષ્પક્ષ રીતે લેવાય તે માટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પૂર્ણ સહયોગ આપશે. મેડિકલ કોર્સોમાં પ્રવેશ માટે ૩ મેના રોજ લેવાયેલી નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (NEET-UG) પેપર લીકના આક્ષેપો વચ્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા ૧૨ મેના રોજ રદ કરવામાં આવી હતી.

### NTA ભૂતકાળના...

૨૦૨૪માં કોર્ટે દ્વારા આપવામાં આવેલા નિર્દેશોના પાલન અંગે ગુરુવાર સુધીમાં સોગંદનામું દાખલ કરવા જણાવ્યું છે. ખંડપીઠે ટિપ્પણી કરતા કહ્યું કે, એ બાબત અત્યંત દુઃખદ છે કે તેઓ પોતાના પાઠ શીખ્યા નથી. આ મામલો અગાઉ પણ આ કોર્ટમાં આવ્યો હતો. ત્યારે એક મોનિટરિંગ કમિટી બનાવવામાં આવી હતી જેણે કેટલીક ભલામણો કરી હતી અને તેનો સ્વીકાર પણ કરવામાં આવ્યો હતો. અમે ઈચ્છીએ છીએ કે NTA સમિતિ દ્વારા સૂચવવામાં આવેલી ભલામણોના પાલન માટે લેવાયેલા પગલાં અંગે સોગંદનામું ફાઈલ કરે.

સર્વોચ્ચ અદાલતે 'ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન' (FAIMA) દ્વારા વકીલ તન્વી દુબે મારફતે દાખલ કરાયેલી અરજી પર નોટિસ જાહેર કરી છે અને જણાવ્યું છે કે આ પ્રકારની તમામ અરજીઓને એકસાથે જોડવામાં આવી રહી છે. કોર્ટે NTAની કામગીરીની સમીક્ષા અને સુધારા માટે ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO)ના ભૂતપૂર્વ વડા કે. રાધાકૃષ્ણનની અધ્યક્ષતામાં કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત સમિતિને તેના નિર્દેશોના પાલન માટે લેવાયેલા પગલાંની વિગતો આપવા આદેશ આપ્યો છે. અદાલતે તમામ પક્ષકારોને ત્રણ દિવસમાં પોતાનો જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે અને આ મામલાની આગામી સુનાવણી શુક્રવાર પર નિયત કરી છે.

### દિલ્હી ડાયરી...

ની અસરનું યોગ્ય મૂલ્યાંકન કરી શક્યા ન હતા. તેમનું પૂરું ધ્યાન માત્ર અમારી પાસેથી પૈસા પડાવવા પર જ હતું.'' યાદવે ફોન મૂક્તાંની સાથે જ પહેલો નિર્ણય એ લીધો કે તેઓ પોતાનું કામ આઈ-પેકને નહીં સોંપે. આ જાહેરાત થયાના થોડા જ સમય બાદ આઈ-પેક સાથેના સંબંધો સત્તાવાર રીતે તોડી નાખવામાં આવ્યા હતા.

### પશ્ચિમ બંગાળમાં ભાજપની ઐતિહાસિક જીત

જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રીને પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રીની પસંદગી માટે ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ત્યારે પક્ષની અંદર જ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા.